For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### બકરાવાડીમાં પત્નિના આડા સંબંધોની આશંકાને લઇ પતિ બન્યો હૈવાન

# પતિએ પત્નીને ચપ્પુના ઘા ઝિંકી મોતને ઘાટ ઉતારી

**નારાયણ** એવન્યુ કોમ્પ્લેક્સમાં ક્રૂર ઘટના, વિસ્તારમાં ચકચાર

**પતિ-પત્ની** વચ્ચેના ઝઘડામાં આવેશમાં આવી પતિએ પત્નીનો જીવ લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા શહેરના બકરાવાડી વિસ્તારમાંથી એક ચોંકાવનારી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જેમાં પત્નિને અન્ય પુરુષ સાથે આડા સંબંધો હોવાની આશંકાએ પતિએ પોતાની પત્નીને ચાકુના ઘા ઝિંકીને હત્યા કરી નાખતા સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ છે.

માહિતી મુજબ બરાનપુરા વિસ્તારમાં પેટ્રોલ પંપ સામે આવેલી બકરાવાડી સ્થિત નારાયણ એવન્યુ કોમ્પ્લેક્સમાં રહેતી રીટાબેન સોલંકીની તેમના પતિ વિરાટ ઉર્ફે બંટી સોલંકીએ ક્રૂરતાપૂર્વક હત્યા કરી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. કહેવાય છે કે પતિ-પત્ની વચ્ચે લાંબા સમયથી આડા સબંધો હોવાની શંકા હતી અને અવારનવાર ઘરમાં આ બાબતને લઈ કલેશ થતો હતો જયારે આ વિવાદ વધતા પતિ આવેશમાં આવી ગયો હતો, જેના પરિણામે આ કરુણ બનાવ બન્યો. રાત્રિના સમયે બનેલી આ ઘટનાની જાણ થતાં વાડી પોલીસ અને નવાપુરા પોલીસનો સ્ટાફ તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને સ્થળ પરથી જરૂરી પુરાવાઓ એકત્રિત કર્યા હતા.

#### બે સગીર બાળકોએ માતાનું છત્ર ગુમાવ્યું

નવાપુરા વિસ્તારમાં નારાયણ એવન્યુમાં રહેતા બંટી સોલંકીના સમાજના રિત રીવાજ મુજબ સુરત ખાતે રહેતી રિટા સોલંકી સાથે થયા હતા. દરમિયાન સંતાનમાં તેમને એક 13 તથા અન્ય ત્રણથી ચાર વર્ષના બે બાળકો છે. સુત્રોમાંથી જાણવા મળ્યા મુબ પરંતુ છેલ્લા ચાર વર્ષથી રીટા સોલંકીના અન્ય યુવક સાથે પ્રેમ સંબંધ હોવાના આશંકા તેમના પતિ બંટી સોલંકી હતી. દરમિયાન તાજેતરમાં બે દિવસ પહેલા બંને જોઇ ગયો હતો દરમિયાન 13 માર્ચના રાત્રીના સમયે જમતી વખતે બોલાચાલી થતા અન્ય યુવક સાથે પ્રેમ સંબંધની અદાવતે પત્નીને ચાકુના ઘા ઝિંકી રહેશી નાખી હતી. માતા આ દુનિયામાં નહી રહેતા તથા પિતા પણ જેલમાં જવાનો હોય ત્યારે બે બાળકોએ નિરાધાર બનાવાનો વારો આવ્યો છે.



આરોપી પતિ



ભોગ બનનાર પત્ની

#### ભાગેડુ પતિને પોલીસે કલાકોમાં ઝડપી લીધો

બનાવ પછી નવાપુરા વિસ્તામાં પોલીસે ઘટના સ્થળ પર પહોંચી હતી ત્યારે લોહીલુહાણ અને મૃત હાલતમાં રીટાબેન પડેલા હતા અને હત્યારો પતિ ઘર છોડી ભાગી ગયો હતો. જેથી પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી વિવિધ ટીમો બનાવી ગણતરીના કલાકોમાં આરોપી બંટી સોલંકીની ધરપકડ કરી લીધી હતી. મંજિતા વણઝારા, ડીસીપી ઝોન -2

#### પત્નિના નામે તમામ મિલકતો કરી છતાં દગો દીધો

બંટી સોલંકીએ રીટા સોલંકી સાથે લગ્ન કર્યાં બાદ થોડા સમય તેમના માતા રિટાયર્ડ થયા હતા.ત્યારે પતિએ પોતાના પત્ની પર એટલી હદ વિશ્વાસ રાખ્યો હતો કે પોતાની માતાન નોકરી તેના નામ કરી હતી. ઉપરાંત તેમનું મકાન અને દુકાન પણ તેમના નામે કરી આપી હતી. આટલી હદે પ્રેમ કરવા છતાં પત્નીને અન્ય યુવક સાથે આડા સંબંધ રાખતા પતિ અકળાયો હતો અને તેનુ ઢીમ ઢાળી દીધું હતું.

#### સમાજના લોકોએ પણ મહિલાને અગાઉ સમજાવી સમાધાન કરાવ્યું હતુ

સ્થાનિક લોકોમાંથી જાણવા મળતી માહિતી પ્રમાણે મહિલા વડોદરા નગર પાલિકામાં તેમના સાસુની નોકરી તેમન આપવામાં આવી હતી અને રીટાબેન કાયમી કર્મચારી તરીકે કામ કરતા હતા. પતિ અને બાળકો હોવા છતાં તેણીએ અન્ય યુવક સાથે પ્રેમ સંબંધ બાંધ્યાં હતા. જેના કારણે બંને વચ્ચે વારંવાર ઝઘડા થતા હોય ત્રણચાર વાર રીટા અને પતિ વચ્ચે સમાધાન કરાવ્યું હતું. પરંતુ રીટા તેમના પ્રેમી સાથે સંબંધ તોડવાના માગતી ન હતી.

#### મોઢા તથા છાતીના ભાગે ચાકુના ચાર ઘા માર્યા

નવાપુરા વિસ્તારમાં રીટા તેમના બે બાળકો તથા સાસુ તેજમ પતિ બંટી સાથે જમવા બેઠા હતા. તે દરમિયાન પત્નીના આડા સંબંધ બાબતે પતિએ પત્નીને ઠપકો આપ્યો હતો. જેમાં મામલો વધુ ઉગ્ર બન્યો હતો. ત્યારે બંટીએ ચાર ચાકુના મોઢા તથા છાતીના ભાગે ઘા રીટાને મારી દીધા હતા. જેમાં લોહીથી લથબથ હાલતમાં જમીન પર ફસડાઇ પડી હતી.

## સુંદરપુરા પાટિયા પાસે સામાન્ય બોલાચાલીમાં યુવક પર અસ્ત્રાથી હુમલો કરી પતાવી દીધો

વડોદરા : વડોદરા શહેરમાં જાણે એક બાદ એક હત્યાના બનાવો સામે આવી રહ્યા છે. ગત મોડી રાત્રે પતિએ પત્નીની ચાકુના ઘા મારી હત્યા કરી નાખી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. ત્યારે વધુ એક હત્યાનો બનાવ સામે આવતા શહેરમાં ભયનો માહોલ ફેલાયો છે. શહેર નજીક આવેલા સુંદરપુરા પાટિયા વિસ્તારમાં ખૂની ખેલ ખેલાયો છે. ભરૂચ જિલ્લાના યુવકની ચાકુના ઘરે મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો છે. વડોદરા શહેર નજીક અને કપુરાઈ પોલીસ મથક હદ વિસ્તારમાં આવેલા સુંદરપુરા પાટિયા પાસે જી.ઈ.બી. ની બાજુમાં આવેલી ઓરનેટ વિલા કો-ઓપરેટિવ સોસાયટી નીચેની હેર કટિંગની દુકાન પાસે આ ઘટના બની હતી. કરિયાણાની દુકાન ચલાવતા કિરણભાઈએ અચાનક અસ્ત્રા વડે યુવક પર હુમલો કર્યો હતો.



ઘટનાસ્થળે લોહીલુહાણ હાલતમાં મળી આવેલા યુવકને તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે ત્યાં હાજર તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૃતકની ઓળખ મિતેશકુમાર રમણભાઈ વાળંદ (ઉ.વ. 36) તરીકે થઈ છે. આરોપીએ મૃતકના મોઢા અને ગળાના ભાગે અસ્ત્રા વડે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. મૃતક મૂળ ભરૂચ જિલ્લાના માતર ગામનો વતની હોવાનું સામે આવ્યું છે. આ બનાવ બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી દીધી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલના કોલ્ડરૂમમાં ખસેડવામાં આવ્યો છે.

### બરોડા ડેરીનો જંગ 'ડ્રોન' અને 'દરોડા' સુધી પહોંચ્યો

# કુલદીપસિંહ રાઉલજીએ ધારાસભ્ય સામે બ્યૂગલ ફૂંક્યું!

"ઝૂક્યો નથી, ઝૂકીશ નહીં": ભાઈની બદલી અને મંડળીઓ પર ઓડિટના નામે કિન્નાખોરીનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

બરોડા ડેરીની આગામી ચૂંટણીએ હવે રાજકીય યુદ્ધનું સ્વરૂપ ધારણ કર્યું છે. ડેસર બેઠક પરથી ઉમેદવારી નોંધાવનાર કુલદીપસિંહ રાઉલજીએ ધારાસભ્ય કેતન ઈનામદાર અને સરકારી તંત્ર વિરુદ્ધ મોરચો માંડતા ગંભીર આક્ષેપો કર્યા છે. રાઉલજીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, તેમને અને તેમના પરિવારને માનસિક રીતે તોડવા માટે સત્તાનો દુરુપયોગ



કરવામાં આવી રહ્યો છે, પરંતુ તેઓ કોઈ પણ સંજોગોમાં મેદાન છોડશે નહીં. કુલદીપસિંહ રાઉલજીએ પત્રકાર પરિષદમાં આરોપ લગાવ્યો હતો કે, તેમના ભાઈ જે ડેરીમાં નોકરી કરે છે, તેમની કિન્નાખોરી રાખીને દૂર બદલી કરી દેવામાં આવી છે. એટલું જ નહીં, તેમના વ્યવસાયિક સ્થળો પર પણ નજર રાખવામાં આવી રહી છે. તેમણે દાવો કર્યો કે, "મારા પેટ્રોલ પંપ પર ડ્રોન ઉડાવીને જાસૂસી કરવામાં આવી રહી છે. અમે ધારાસભ્યના એક માણસને ડ્રોન સાથે પકડી પણ પાડ્યો હતો." આ પ્રકારની પ્રવૃત્તિઓ લોકશાહીની ગરિમાને કલંકિત કરી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું. સહકારી કાયદાઓનો હવાલો આપતા રાઉલજીએ જણાવ્યું કે, તેમની સાથે જોડાયેલી મંડળીઓ પર જ ખાસ ટાર્ગેટ રાખીને ઓડિટની નોટિસો ફટકારવામાં આવી રહી છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે, "નવ મહિનામાં ઓડિટ કેવી રીતે થઈ શકે? વર્ષ પૂર્ણ થયા વગર ઓડિટ કરવાની શું ઉતાવળ છે?" છેલ્લા ત્રણ દિવસમાં જ ચાર જેટલી નોટિસો આપીને વહીવટી તંત્ર દ્વારા તેમને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનો તેમણે દાવો કર્યો હતો. પોતાના સમર્થકો અને મતદારોના જોરે મેદાને પડેલા રાઉલજીએ અંતમાં હુંકાર કર્યો હતો કે, "લોકશાહીમાં મતદારો જ સર્વોપરી છે.

### વડોદરાના શૈલેષ શુક્લ દ્વારા કરવામાં આવ્યા છે

# ક્રિકેટર હાર્દિક પંડ્યા અને ઈશાન કિશને રાષ્ટ્રધ્વજનું અપમાન કર્યું હોવાના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

ટી 20 વર્લ્ડ કપમાં થયેલી ભારતીય ક્રિકેટ ટીમની જીતની ઉજવણીમાં ટીમ પૈકી ક્રિકેટર હાર્દિક પંડ્યા અને ઈશાન કિશને રાષ્ટ્ર ધ્વજનું અપમાન કર્યું હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. ત્યારે, રાષ્ટ્રધ્વજના અપમાન અંગે કારેલીબાગ પોલીસ મથકે જાગૃત નાગરિક શૈલેષ શુક્લએ ફરિયાદ નોંધાવી છે.

ટી 20 વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતની થયેલી જીત બાદ તમામ ભારતીય પ્લેયરો શાનદાર ઉજવણીમાં વ્યસ્ત હતા. ત્યારે શરીર



પર તિરંગો બાંધીને હાર્દિક પંડ્યા અને ઈશાન કિશને તેની ગર્લફ્રેન્ડ સાથે રાષ્ટ્રધ્વજ શરીર પર લપેટીને અતરંગ ફોટા પડાવ્યા હતા. હાર્દિક પંડ્યાએ તો એક જગ્યાએ સૂઈ ફોટોગ્રાફરોને વિવિધ પોઝ પણ આપ્યા હતા. આ અંગે ભારતીય તિરંગાનું હળાહળ અપમાન થયું હોવાના આક્ષેપ વડોદરાના શૈલેષ શુક્લ દ્વારા કરવામાં આવ્યા છે. રાષ્ટ્રધ્વજના અપમાન બાદ આ ઘટનાના પરિણામે વિવિધ રાજ્યમાં કેટલીક જગ્યાએ ક્રિકેટર હાર્દિક પંડ્યા સામે તિરંગામાં અપમાનની ફરિયાદો થઈ હતી. ત્યારબાદ વડોદરા ખાતે પણ જાગૃત નાગરિકો દ્વારા પણ કારેલીબાગ પોલીસ મથકે તિરંગાના અપમાન કરવા બદલ હાર્દિક પંડ્યા અને ઈશાન કિશન સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### સ્થાનિકોએ જીવના જોખમે મહામહેનતે ઊંટને રેસ્ક્યુ કર્યું: તંત્રની બેદરકારીને કારણે મોટી દુર્ઘટના સર્જાતા રહી ગઇ

# ગટરના ઢાંકણમાં ઊંટનો પગ ફસાયો: રસ્તા વચ્ચે અબોલ પશુ કલાકો સુધી અટવાયું

મહામહેનતે ઊંટને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યું હતું

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં શનિવારે એક અજીબોગરીબ ઘટના સામે આવી હતી, જેમાં રસ્તા પરથી પસાર થઈ રહેલા એક ઊંટનો પગ અચાનક ગટરના ખુલ્લા હોલમાં ફસાઈ ગયો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને મહામહેનતે ઊંટને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યું હતું.

મળતી વિગતો અનુસાર, કારેલીબાગ પાણીની ટાંકી પાસેના મુખ્ય માર્ગ પરથી એક ઊંટ પસાર થઈ રહ્યું હતું. આ દરમિયાન રસ્તા પર આવેલી ગટરનું ઢાંકણું કદાચ વ્યવસ્થિત ન હોવાથી અથવા ખુલ્લું હોવાથી ઊંટનો પગ તેમાં ઉતરી ગયો હતો. કદાવર પ્રાણી એવા



ઊંટનો પગ ગટરમાં ફસાઈ જતાં તે હલનચલન કરી શકતું નહોતું અને રસ્તા વચ્ચે જ અટવાઈ ગયું હતું. ઘટનાને જોતા જ સ્થાનિક રહીશો અને પસાર થતા રાહદારીઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા.

લોકોએ સાથે મળીને ભારે જહેમત ઉઠાવી હતી અને આખરે ઊંટના પગને ગટરમાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી. સદનસીબે ઊંટને કોઈ ગંભીર ઈજા થઈ નથી અને તેને સહીસલામત રીતે રેસ્ક્યુ કરી લેવામાં આવ્યું હતું. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં તંત્ર સામે રોષ પણ જોવા મળ્યો હતો. લોકોએ માગ કરી છે કે રસ્તા પરના આવા ખુલ્લા ગટરના હોલ કે તૂટેલા ઢાંકણા વહેલી તકે રિપેર કરવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના કે પશુ-માનવને ઈજા ન પહોંચે.

## શહેરીજનોને આંશિક રાહત, ગરમીનો પારો ઘટીને 37 ડીગ્રીએ પહોંચ્યો

(પ્રતિનિધિ )વડોદરા,તા.14

માર્ચ મહિનામાં ગરમીનો પારો શરૂઆતમાં 41 ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. હાલ હિટવેવની પણ અસર ઓછી થઈ છે. જેના કારણે ગરમીના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. શુક્રવારે ગરમીનો પારો 39.2 ડીગ્રી નોંધાયો હતો. જે 2.2 ડીગ્રી ઘટીને શનિવારે 37 ડીગ્રી થયો હતો. જ્યારે લઘુત્તમ પારો 21.4 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 44 ટકા અને સાંજે 15 ટકા નોંધાયું હતું. ગરમીનું પ્રમાણ ઘટતા શહેરીજનોએ રાહત અનુભવી હતી. નોંધનીય છે કે, હાલ ભીષણ ગરમી પડી રહી છે. હવામાન વિભાગે 15 માર્ચ બાદ રાજ્યમાં હવામાનમાં પલટાનું અનુમાન વ્યક્ત કર્યું છે. 15 માર્ચ બાદ તાપમાનનો પારો ગગડશે અને વાદળછાયું વાતાવરણ રહેશે. કેટલાક જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગે 17 માર્ચથી માવઠાના સંકેત આપ્યાં છે. ઉલ્લેખનિય છે કે, એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાશે, આ સિસ્ટમ મજબૂત હોવાથી માવઠાની શક્યતા પ્રબળ છે. આ સિસ્ટમના કારણે મોટાભાગના વિસ્તારમાં વાતાવરણ પલટાશે. રાજ્યમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં છૂટછવાયો વરસાદ વરસશે. હવામાન વિભાગની આગાહી મુજબ આ વરસાદ છૂટછવાયો પરંતુ ભારે પવન અને ગાજવીજ સાથે વરસશે.

### સંકટના સમયે કાળાબજારી કરનારાઓ પર તવાઇ બોલાવાશે

# વડોદરામાં ગેસ માફિયાઓ પર પુરવઠા વિભાગનો સપાટો, 14 ટીમ દ્વારા મેગા ઓપરેશન હાથ ધરાયું

ન્યુ વીઆઈપી રોડ પરથી ગેરકાયદે સંગ્રહખોરી કરતો એજન્ટ ઝડપાયો, 29 સિલિન્ડર જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા જિલ્લામાં ગેસ સિલિન્ડરના નામે ચાલતી કાળાબજારી અને ગેરકાયદે સંગ્રહખોરીને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે જિલ્લા વહીવટી તંત્રએ કમર કસી છે. કલેક્ટરના સીધા માર્ગદર્શન હેઠળ પુરવઠા વિભાગે આજે 'સ્પેશિયલ સર્ચ ડ્રાઈવ' અંતર્ગત ૧૪ જેટલી ફ્લાઈંગ સ્ક્વોડની રચના કરી મેદાનમાં ઉતારી હતી. આ ટીમોએ શહેરના ખૂણે ખૂણે આવેલી પ્રાઈવેટ અને સરકારી ગેસ એજન્સીઓ તેમજ હોટલ-રેસ્ટોરન્ટ્સમાં સપાટો બોલાવ્યો હતો. ત્યારે બીજી તરફ તંત્રએ જીવનજરૂરી સેવાઓ ન ખોરવાય તેનું પણ ધ્યાન રાખ્યું છે. છેલ્લા 48 કલાકમાં જિલ્લાની શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓની ગેસની માંગને ટોચની અગ્રતા આપી 278 સિલિન્ડરનો પુરવઠો સફળતાપૂર્વક પૂરો પાડવામાં આવ્યો છે. જેમાં પારૂલ ઈન્સ્ટિટ્યૂટ, ગતિશક્તિ વિદ્યાલય, અંકુર વિદ્યાલય, સમરસ કન્યા અને કુમાર છાત્રાલય, SSG હોસ્પિટલ સહિતની સરકારી હોસ્પિટલો, વૃદ્ધાશ્રમ અને અનાથ આશ્રમો. વધુમાં, અન્ય 96 સંસ્થાઓની વધારાની માંગ માટે પણ સુચારૂ વ્યવસ્થા કરવામાં આવી છે. વડોદરા ગેસ લિમિટેડ (VGL) ને ખાસ સૂચના અપાઈ છે કે આવી સંસ્થાઓને PNG કનેક્શન આપવામાં પ્રાથમિકતા આપે. જિલ્લા પુરવઠા અધિકારી ગીતાબેન દેસાઈએ નાગરિકોને અપીલ કરતા જણાવ્યું છે કે વડોદરામાં ગેસની કોઈ પણ પ્રકારની અછત નથી. 14 માર્ચ ના રોજ જિલ્લામાં ઈન્ડિયન ઓઈલ (IOC) 11,491, ભારત પેટ્રોલિયમ (BPCL) 6,349, હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) 5,877 કુલ સ્ટોક 23,717 ઉપલબ્ધ છે. નાગરિકોએ પેનિક બુકિંગ કરવાની કે અફવાઓથી ગભરાવાની જરૂર નથી. હેલ્પલાઈન પર આવેલી 100થી વધુ ફરિયાદોનું તાત્કાલિક નિરાકરણ લાવવામાં આવ્યું છે. કોઈ પણ એજન્સીમાં ગેરરીતિ જણાશે તો તેની સામે કડક પગલાં લેવામાં આવશે - ગીતાબેન દેસાઈ, જિલ્લા પુરવઠા અધિકારી. આવી પરિસ્થિતિ ભવિષ્યમાં ન સર્જાય તે માટે હવેથી દરેક સરકારી અને પ્રાઈવેટ ગેસ એજન્સીઓના ગોડાઉન પર પોલીસ, પુરવઠા વિભાગ અને વહીવટી તંત્રની એક ટીમ રોજબરોજની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખશે.



#### ન્યુ વીઆઈપી રોડ પરથી ગેસ રિફીલિંગનો પર્દાફાશ

તપાસ દરમિયાન બાતમીના આધારે ન્યુ વીઆઈપી વિસ્તારના રેવડિયા મહાદેવ મંદિર પાસે એક ગેસ એજન્ટ દ્વારા ગેરકાયદેસર રીતે સિલિન્ડરનો જથ્થો છુપાવવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું. પુરવઠા વિભાગ, રેવન્યુ અને પોલીસની સંયુક્ત ટીમે અહીં દરોડો પાડી 5 કમર્શિયલ ગેસ સિલિન્ડર, 24 ઘરેલુ ગેસ સિલિન્ડર આમ કુલ 29 સિલિન્ડરનો અનધિકૃત જથ્થા સાથે આરોપી સાદુલ ભોપા ભરવાડને ઝડપી પાડ્યો હતો. આરોપી એજન્ટ સામે તાત્કાલિક ધોરણે FIR દાખલ કરી રૂ.1.35 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહીથી ગેરકાયદેસર ધંધા કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.



### બાળકો ભૂખ્યા ન રહે તે માટે તારા મંડળ ટ્રસ્ટ દ્વારા લાકડાના ચૂલા પર પૌષ્ટિક નાસ્તો તૈયાર કરાયો

# ગેસની અછત વચ્ચે આંગણવાડીના 499 કેન્દ્રો માટે ચૂલા પર રસોઈ બનાવવાની નોબત

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા શહેરમાં કાર્યરત આંગણવાડીઓના હજારો બાળકોના પોષણ પર ગેસ સિલિન્ડરની અછતનું ગ્રહણ લાગ્યું છે. શહેરમાં આવેલી અંદાજે 499 જેટલી આંગણવાડીઓમાં નાસ્તો પૂરો પાડતા 'તારા મંડળ ટ્રસ્ટ'ને કોમર્શિયલ ગેસ સિલિન્ડર ન મળતા, અંતે બાળકોને સમયસર આહાર મળી રહે તે હેતુથી સંસ્થાએ પરંપરાગત લાકડાના ચૂલા પર રસોઈ બનાવવાની ફરજ પડી છે. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી વૈશ્વિક યુદ્ધની પરિસ્થિતિને કારણે કોમર્શિયલ ગેસના પુરવઠામાં વિક્ષેપ



પડ્યો છે. આ અછતની સીધી અસર વડોદરાના આંગણવાડીના રસોડા પર જોવા મળી રહી છે. અત્યાર સુધી આધુનિક ગેસ કનેક્શન પર બનતો શીરો, મસાલે ભાત અને તીખો શીરો આજે ધુમાડાની વચ્ચે લાકડા સળગાવીને તૈયાર કરવામાં આવી રહ્યો છે. ટ્રસ્ટના પ્રતિનિધિ દિનેશભાઈએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, વર્તમાન સંજોગોમાં કોમર્શિયલ સિલિન્ડર ઉપલબ્ધ ન હોવાથી રસોઈ બનાવવી મુશ્કેલ બની હતી. પરંતુ સેંકડો બાળકોના ભોજનનો પ્રશ્ન હોવાથી અમે પ્રથમવાર લાકડાનો ઉપયોગ કરીને રસોઈ બનાવવાનો નિર્ણય લીધો છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે ગેસની અછતને કારણે એક પણ બાળક ભૂખ્યું ન રહે. આ ગંભીર સમસ્યા અંગે ટ્રસ્ટ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે. તંત્ર દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને સકારાત્મક પ્રતિસાદ આપવામાં આવ્યો છે. સત્તાધીશો દ્વારા ખાતરી આપવામાં આવી છે કે ટૂંક સમયમાં ગેસ કનેક્શન અથવા સિલિન્ડરની વૈકલ્પિક વ્યવસ્થા કરી દેવામાં આવશે. જોકે, જ્યાં સુધી કાયમી ઉકેલ ન આવે ત્યાં સુધી ટ્રસ્ટ દ્વારા આ પ્રકારે ચૂલા પર રસોઈ બનાવીને આંગણવાડીના બાળકો સુધી પૌષ્ટિક નાસ્તો પહોંચાડવાનું ચાલુ રાખવામાં આવશે. વડોદરામાં સેવાકીય પ્રવૃત્તિ કરતા આ ટ્રસ્ટની આ ત્વરિત નિર્ણયશક્તિને વાલીઓ અને સ્થાનિકો બિરદાવી રહ્યા છે,

## વડોદરા શહેરમાં હીટવેવને પગલે બપોરે 1 થી 4 ટ્રાફિક સિગ્નલ બંધ

વડોદરા : વડોદરા શહેરમાં દિન પ્રતિદિન વધતી ગરમીને ધ્યાનમાં રાખીને વડોદરા શહેર પોલીસે નાગરિકોની સુરક્ષા અને સુવિધા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ભારે તાપમાન વચ્ચે લોકોને રસ્તા પર લાંબા સમય સુધી સિગ્નલ પર ઉભા રહેવું ન પડે તે માટે પોલીસ દ્વારા બપોરના સમયમાં ટ્રાફિક વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા લેવામાં આવેલા નિર્ણય અનુસાર તા. 14 માર્ચથી બપોરના 1:00 વાગ્યાથી સાંજે 4:00 વાગ્યા સુધી શહેરના ટ્રાફિક સિગ્નલો બંધ રાખવામાં આવશે. આ સમયગાળા દરમિયાન વાહનચાલકોને અનાવશ્યક રીતે તપતા તાપમાં સિગ્નલ પર ઉભા રહેવું ન પડે અને ટ્રાફિક સરળતાથી પસાર થઈ શકે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. વધતી ગરમીને કારણે લોકોને હીટસ્ટ્રોક અને તાપમાનના પ્રભાવથી બચાવવા માટે પોલીસ વિભાગ દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે.

### પ્રમોટરોનો દાવો : કેટલાક મકાનોની ઉઘરાણીનો સંપૂર્ણ હિસાબ આપ્યો નહીં

# હેરિટેજ આર્કોન રહેણાંક યોજના મામલે માર્કેટિંગ એજન્ટ પર હિસાબમાં હેરફેરનો આક્ષેપ

રોકાણ કરનારાઓને ક્લેમ મોકલવા અપીલ, પ્રમોટર દ્વારા એજન્ટ સામે તાજેતરમાં ઠગાઈની ફરિયાદ પણ નોંધાવાઈ હતી

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરામાં હેરિટેજ આર્કોન રહેણાંક યોજના મામલે માર્કેટિંગ એજન્ટ દ્વારા હિસાબમાં હેરફેર કર્યાનો આક્ષેપ કરતા પ્રમોટરોએ પ્રેસ કોન્ફરન્સ કરી રોકાણકારોને આગળ આવવાની અપીલ કરી છે. પ્રમોટરો રાહુલ મિલનકુમાર શાહ, રોશન નારાયણરાવ તળેકર અને રિતેશ



પરીખે જણાવ્યું હતું કે તેઓએ વર્ષ 2023 દરમિયાન ગોત્રી વિસ્તારના માર્કેટિંગ એજન્ટ આદેશ દેવકુમારને મકરપુરા વિસ્તારમાં આવેલી તેમની રહેણાંક સ્કીમના મકાનોના માર્કેટિંગ માટે જવાબદારી સોંપી હતી. પ્રમોટરોના જણાવ્યા અનુસાર માર્કેટિંગ એજન્ટ દ્વારા વિવિધ ગ્રાહકો પાસેથી 35 મકાનોના ટોકન તથા અન્ય રકમ લેવામાં આવી હતી, જેમાંથી 28 મકાનોના બાનાખત કરવામાં આવ્યા છે. જોકે ત્યારબાદ સાઈટ પર કામ ધીમું પડતા એજન્ટ દ્વારા દબાણ અને ધાકધમકી શરૂ કરાઈ હતી. સાથે સાથે કંપનીના ખાનગી દસ્તાવેજોની પણ વારંવાર માંગણી કરવામાં આવતી હતી. આ દરમિયાન ઘણા ગ્રાહકો પ્રમોટરોનો સંપર્ક કરી જણાવ્યું હતું કે તેમણે મકાન બુકિંગ માટે એજન્ટને રકમ ચૂકવી છે પરંતુ કબજા અંગે સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ મુદ્દે પ્રમોટરો દ્વારા એજન્ટ સાથે બેઠક પણ યોજાઈ હતી. ત્યારબાદ મધ્યસ્થી તરીકે એડવોકેટ અમિષ જયેશભાઈ દાદાવાલાની હાજરીમાં ચર્ચા કરવામાં આવી હતી.